
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## આખરી મતદારયાદી જાહેર: કુલ 47,08,082નો સમાવેશ

# 82,024 નવા મતદારો ઉમેરાયા જેમાંથી 57,460 યુવા મતદારો

### મતદારોને ફોટો ઓળખકાર્ડ(EPIC) સ્પીડ પોસ્ટ મારફત તેઓના ઘરના સરનામાં પર પહોંચાડાશે



સુરતઃ ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હેઠળ તા.૦૫મીએ પ્રસિદ્ધ થયેલી આખરી મતદારયાદીના મુસદ્દામાં કુલ ૪૬,૪૭,૪૬૩ નોંધાયા છે, જ્યારે ૮૨,૦૨૪ નવા મતદારો ઉમેરાયા છે, તેમજ ૪૮,૩૨૫ મતદારો કમી થયા છે. કુલ ૬૦,૪૬૧ મતદારોનો નેટ વધારો થયો છે, જેમાં ૧૮-૧૯ વર્ષની વયજુથના કુલ ૩૫,૨૫૯ અને ૨૦-૨૯ વર્ષ વયજુથના કુલ ૨૨,૨૦૧ નાગરિકોની મતદાર તરીકે નોંધણી કરાઇ છે. આખરી મતદાર યાદીમાં ૨૫,૨૩,૦૨૩ પુરુષ, ૨૧,૮૪,૮૯૭ સ્ત્રી તથા ૧૬૨ ત્રીજી જાતિના મતદારો મળીને કુલ ૪૭,૦૮,૦૮૨ નોંધાયેલા મતદારોનો સમાવેશ થાય છે. આ યાદી મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ (www.ceo.gujarat.gov.in) પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મતદારોને ફોટો ઓળખકાર્ડ(EPIC) સ્પીડ પોસ્ટ મારફત તેઓના ઘરના સરનામાં પર પહોંચાડાશે. અને મતદાર ફોટો ઓળખકાર્ડ ધરાવનાર મતદારનું નામ પ્રવર્તમાન મતદારયાદીમાં સમાવિષ્ટ હશે તો જ સંબંધિત ચૂંટણીમાં મતદાન કરી શકશે. જેથી મતદારયાદીમાં નામ સમાવિષ્ટ થયેલી હોવા અંગે ચકાસણી કરી લેવા સર્વે નાગરિકો/મતદારોને અનુરોધ છે.

તા.૦૫મી જાન્યુ.ના રોજ પ્રસિદ્ધ આખરી મતદારયાદી બાદ પણ તા.૦૧/૦૧/૨૦૨૪ની લાયકાતની તારીખના સંદર્ભમાં ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા લાયકાત ધરાવતા યુવા નાગરિકો તથા મતદારયાદીમાં નોંધણી માટે લાયકાત ધરાવતા બાકી રહેલા તમામ નાગરિકો ''સતત સુધારણા (Continuous Updation)'' હેઠળ મતદારયાદીમાં નામ દાખલ કરવા સંબંધિત મતદાર નોંધણી અધિકારીને નિયત નમૂનામાં અરજી

...અનુસંધાન પાના 5 પર

| 25,23,023 | 21,84,897 | 47,08,082 | 35,259 | 22,201 |
|---|---|---|---|---|
| પુરુષ મતદાર સંખ્યા | સ્ત્રી મતદારની સંખ્યા | કુલ મતદાર | 18-19 વર્ષની વયજુથના | 20-29 વર્ષ વયજુથના |

# બારડોલીની વામદોત હાઈસ્કૂલના વિદ્યાર્થીને શિક્ષકે ફટકારતાં કાનનો પડદો ફાટી ગયો!

**માતા** પુત્ર લઈને શાળામાં પહોંચી, પરંતુ થપ્પડ મારનાર શિક્ષકને મળવા ન દઈ રવાના કરી દીધાં

**એકના** એક દીકરાના કાનનો પડદો ફાટી જતાં પરિવાર પર આભ તૂટી પડ્યું, કાલે કાનનું ઓપરેશન કરાશે



બારડોલી: બારડોલીની એમ.બી.વામદોત સ્કૂલના શિક્ષકે ધો.10ના વિદ્યાર્થીને માર મારતાં કાનનો પડદો ફાટી ગયો હતો. આ ઘટનાને લઈ બારડોલીના શિક્ષણ જગતમાં ચકચાર મચી ગઈ છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર બારડોલીમાં સર્વોદય સોસાયટીમાં આવેલી એમ.બી. વામદોત હાઈસ્કૂલમાં અંગ્રેજી વિષયના શિક્ષક ધર્મેશ પંચાલે ધો.10ના એક વિદ્યાર્થીને કાનમાં થપ્પડ મારી હતી.

આથી વિદ્યાર્થીને કાનમાં દુઃખાવો થતાં તેણે આ અંગે તેની માતાને ફરિયાદ કરી હતી. માતા પુત્ર લઈને શાળામાં આવી હતી. પરંતુ જે શિક્ષકે થપ્પડ મારી હતી તેની સાથે મળવા દેવાયા ન હતા અને જે ખર્ચો થાય તે આપી દેવાનું કહી શાળામાંથી રવાના કરી દેવામાં આવ્યા હતા. દરમિયાન માતા પોતાના પુત્રને ઇએનટી સ્પેશિયાલિસ્ટને બતાવવા જતાં ત્યાં કાનનો એક્સ-રે લેતા કાનના પડદો ફાટી ગયો હોવાનું સામે આવ્યું હતું. એકના એક દીકરાના કાનનો પડદો ફાટી જતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આવતીકાલે વિદ્યાર્થીના કાનનું ઓપરેશન કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. જો કે, શાળા સંચાલકો આ બાબતે કંઈ પણ બોલવા તૈયાર નથી. સમગ્ર દિવસ દરમિયાન શૈક્ષણિક જગતમાં વિદ્યાર્થીને માર મારવાનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો. ત્યારે જિલ્લા શિક્ષણ અધિકારી આવા શિક્ષકો સામે કોઈ પગલાં લેશે કે કેમ તે અંગેની ચર્ચાએ જોર પકડ્યું છે.



(તસવીર : સતીષ જાદવ)

# રેલવે સ્ટેશન પર ગરનાળામાં ટ્રક ફસાતા ચાર કિલોમીટર સુધી ટ્રાફિક જામ: કલાકો સુધી વાહનચાલકો અટવાયા

**સવારના** પાંચ વાગ્યે રેડી ટુ મિક્સ ક્રોક્રીંટની ટ્રક ફસાતા પોલીસને કાઢતા નાકે દમ આવી ગયો, લોકો અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ

**કલાકો** સુધી પોલીસ અને તંત્રે ટ્રકને કાઢવા માટે મથામણ કરવી પડી પણ તેમાં લોકોનો ખો નીકળી ગયો હતો કેમકે મેટ્રોના કામને લીધે ચારેકોર બેરિકેડ હતા





### આ સ્થિતિમાં એક તરફનો રસ્તો બંધ થયો

વરાછાથી રેલવે સ્ટેશન તરફ જવાનો આખો રસ્તો બંધ થઈ ગયો હતો. ડાયવર્ઝન એલિફ રોડ પર આપવામાં આવ્યું છે, જોકે ત્યાં પણ મેટ્રો અને રેલવે સ્ટેશનનું કામ ચાલતું હોવાથી રસ્તો બંધ છે. જેથી ગરનાળું બંધ થતાં તેનું ડાયવર્ઝન ત્યાં આપી શકાયું નહીં. જેના કારણે વરાછાથી પોદાર આર્કેટ સુધીમાં બે કિલોમીટર જેટલો ટ્રાફિકજામ થયો હતો.

### હજારો લોકો હેરાન પરેશાન થયા

ટ્રાફિકજામના પગલે મોટી સંખ્યામાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ઘટના અંગે જાણ થતાં જ પોલીસે ટ્રકને બહાર કાઢી ટ્રાફિક રાબેતા મુજબ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જ્યારે વરાછાથી સિટીમાં જતા લોકો માટે આ ટ્રાફિક ગામમાંથી નીકળતા અડધો કલાક જેટલો સમય લાગી ગયો હતો.

સુરત : શહેરના રેલવે સ્ટેશન પાસે આવેલ સૂર્યપુર ગરનાળામાં આજે સવારે કન્ટેઈનર ચાલકની લાપરવાહીને કારણે પીક અવર્સમાં સેંકડો વાહન ચાલકોએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. સવારના પાંચ વાગ્યે સિમેન્ટ ભરેલું લોડર ગરનાળામાં ફસાઇ જતા હજારો વાહનચાલકો ફસાયા હતા. તેમાં લોકોની પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી થઇ હતી. ગરનાળાની ઉંચાઈને ધ્યાને લીધા વિના જ ચાલક દ્વારા કન્ટેઈનર હંકારવામાં આવતાં ગરનાળાની વચ્ચોવચ્ચ કન્ટેઈનર ફસાઈ જવા પામ્યું હતું. આ ઘટનાને કારણે એક તબક્કે સુર્યપુર ગરનાળા પાસે ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. બીજી તરફ ટ્રાફિક પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો અને ગરનાળામાં ફસાયેલા કન્ટેઈનરને બહાર કાઢવા માટેની જહેમત હાથ ધરી હતી. લગભગ ચાલ કિલોમીટર સુધી ટ્રાફિક જામ થઇ ગયો હોવાની વિગત જાણવામલી છે.

24 કલાક ટ્રાફિકથી ધમધમતાં

...અનુસંધાન પાના 5 પર

લઘુતમ તાપમાન સતત ત્રીજા દિવસે 16.4 ડિગ્રી નોંધાયું

# સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી વચ્ચે દક્ષિણ ગુજરાતના ખેડૂતો ચિંતિત

**શહેરમાં** આગામી અઠવાડિયુ ઠંડીનો દોર યથાવત રહેશે દક્ષિણ ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના

સુરતઃ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વીતેલા બે દિવસથી ઠંડીનું જોર વધી ગયું છે. સમગ્ર ગુજરાતના જુદા જુદા તાલુકામાં સૌથી નીચું તાપમાન નોંધાયું છે. આગામી ત્રણ-ચાર દિવસ ઠંડીનો આ પારો યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આઠ - નવ તારીખે સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહીને કારણે દક્ષિણ ગુજરાતમાં પણ વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે. જેને કારણે ઠંડીનો દોર વધારે તીવ્ર બનશે.

હવામાન વિભાગની આગાહી મુજબ અરબ સાગરમાં આવેલા ટ્રફને લીધે રાજ્યમાં વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાત માટે આ આગાહી નથી. આગામી ૮ અને ૯ તારીખે સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારમાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. પરંતુ દક્ષિણ ગુજરાતમાં તેની સામાન્ય અસરને કારણે વાદળછાયું વાતાવરણ રહી શકે છે. દરમિયાન ઠંડીની વાત કરીએ તો આ સમયગાળામાં ઠંડીમાં પણ વધારો થશે.

ઉલ્લેખનીય છે કે શહેરમાં છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન 16.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જે સિઝનની સૌથી ઠંડી રાત હતી. આજે

...અનુસંધાન પાના 5 પર

# બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ધરમપુરના કોલકાતા સાયન્સ સેન્ટરની ફરતે લોખંડી બંદોબસ્ત

**સાયન્સ** સેન્ટર અને ત્યાંથી ડેપો સુધીનો માર્ગ ઉપરાંત ગાર્ડન તરફનો માર્ગ પણ બંધ કરી દેવાયો

**બોમ્બ** સ્કવોડની સાથે વલસાડ જિલ્લા પોલીસ હરકત આવી ગઈ





ફોટો - ધરમપુર સાયન્સ સેન્ટર

ધરમપુર : વલસાડ જિલ્લાના ધરમપુર સાયન્સ સેન્ટર કેન્દ્રમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. કલકત્તાના સાયન્સ સેન્ટર ખાતે મુખ્ય ઓફિસ પર બોમ્બથી ઉડાડી દેવાના ધમકી ભર્યા ઇમેલ મળ્યા બાદ દેશભરના તમામ સાયન્સ સેન્ટર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. વલસાડના ધરમપુર ખાતે આવેલા જાણીતા સાયન્સ સેન્ટરમાં વહેલી સવારથી જ પોલીસ કાફલો ખડકી દેવાયો હતો. બોમ્બ સ્કવોડની ટીમ અને જિલ્લા પોલીસ હરકત આવી ગઈ હતી. આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લાનું પોલીસ તંત્ર દોડતુ થઈ ગયું હતું.

કલકત્તાના સાયન્સ સેન્ટરની મુખ્ય ઓફિસે મળેલા ધમકી ભર્યા ઈમેલથી સાયન્સ સેન્ટરને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીથી વલસાડ જિલ્લા પોલીસ તંત્ર દોડતુ થયું હતું. આ ઇમેલમાં કયું સાયન્સ સેન્ટર છે, એવું તટસ્થ જાણવા મળ્યું ન હતું, પરંતુ દેશભરના 25 જેટલા સાયન્સ સેન્ટરને એલર્ટ કરી દેવાયા હતા. વલસાડ જિલ્લા પોલીસવડાના આદેશથી જિલ્લાનું એકમાત્ર સાયન્સ સેન્ટર ખાતે વહેલી સવારથી જ પોલીસ કાફલો ખડકી દેવાયો હતો. જેમાં બોમ્બ સ્કવોર્ડની ટીમ સહિત ડીવાઇએસપી વર્મા તથા વાપીના ડીવાયએસપી દવે કાફલા સાથે આવી પહોચતાં સાયન્સ સેન્ટરનું નિરીક્ષણ કર્યું હતું. બાદમાં

...અનુસંધાન પાના 5 પર

# શહેરમાં અચાનક ઢળી પડતાં વધુ બે યુવક સહિત ત્રણનાં મોત

**કાપોદ્રામાં** સિલાઈ કામ કરતાં મીના સાગઠિયાને ચક્કર આવતા અચાનક ઢળી પડ્યા

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થઈ જતાં 2 યુવક સહિત ત્રણનાં મોત થયા હતા. જેમાં વરાછામાં દારૂ પીધા બાદ સૂઈ ગયેલો 28 વર્ષીય યુવક ફરી ઉઠ્યો ન હતો. તેમજ હજીરા ખાતે કંપનીમાં કામ કરતો 40 વર્ષીય યુવક ઢળી પડતાં મોત નિપજ્યું હતું અને કાપોદ્રામાં ઘરમાં કામ કરતી 42 વર્ષીય મહિલાને ચક્કર આવીને ઢળી પડતાં હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવી હતી.

મૂળ ઉત્તરપ્રદેશના વતની ભૂપેન્દ્રકુમાર ગંગાપ્રસાદ યાદવ (28 વર્ષ) હાલ વરાછા મીનીબજાર પાસે કમલા સ્ટ્રીટમાં ભાઈઓ સાથે રહેતો હતો. ભૂપેન્દ્રકુમાર રત્નકલાકાર તરીકે નોકરી કરી વતનમાં રહેતા પરિવારને આર્થિરીતે મદદરૂપ થતો હતો. ગુરુવારે સાંજે 4 વાગ્યાના અરસામાં ભૂપેન્દ્રકુમાર દારૂ પીધા બાદ સૂઈ ગયો હતો. ત્યારબાદ 7 વાગ્યાના સુમારે તેના ભાઈએ ભૂપેન્દ્રકુમારને ઉઠાડ્યો હતો. પરંતુ તે ઉઠ્યો ન હતો. જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ભૂપેન્દ્રકુમારની પત્નીને 8 માસનો ગર્ભ છે.

બીજા બનાવમાં, જહાંગીરાબાદ વિસ્તારમાં આવેલા ગંગાનગર સોસાયટી વિભાગ-2માં 40 વર્ષીય ધવલ માધવભાઈ દેસાઈ માતા, પત્ની અને આઠ મહિનાના દીકરા સાથે રહેતો હતો. ધવલ દોઢ વર્ષથી એલએન્ડટી કંપનીમાં સિનિયર ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે સાંજે ધવલ નોકરી પર કામ કરી રહ્યો હતો. તે દરમિયાન તેને ખાંસી આવવાની સાથે ગભરામણ થવા લાગી હતી અને ત્યારબાદ છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો. છાતીમાં દુખાવા બાદ ધવલ એકાએક ઢળી પડ્યો હતો. જેથી અન્ય કર્મચારીઓ ધવલને લઈને તાત્કાલિક નજીકમાં આવેલી ખાનગી હોસ્પિટલ પહોંચ્યા હતા. જોકે ધવલને સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું.

ત્રીજા બનાવમાં, મૂળ સાવરકુંડલા અમરેલીના વતની મીનાબેન જીતેન્દ્રકુમાર સાગઠિયા (42 વર્ષ) હાલ કાપોદ્રા વિસ્તારમાં આવેલ શ્રીનાથ સોસાયટીમાં પરિવાર સાથે રહેતી હતી. મીનાબેન તેમજ તેમના પતિ ઘરમાં કપડા સિવવાનું કામ કરતા હતા. શુક્રવારે બપોરે 12:30 વાગ્યાના અરસામાં મીનાબેન ઘરનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમને અચાનક ચક્કર આવતા નીચે ઢળી પડ્યા હતા. જેથી મીનાબેનને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. જોકે તમામ બનાવમાં મૃતદેહના પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું ચોક્કસ કારણ જાણવા મળશે.

# સુરત જિલ્લાના તમામ તાલુકાની કચેરીમાં સર્વર ડાઉન રહેતાં ખેડૂતો પરેશાન

સુરતઃ સુરત જિલ્લામાં ફરી એકવાર ડિજિટલ ગુજરાતની વાતોનો પરપોટો ફૂટી ગયો છે. ડીજીટલ ગુજરાત ઉપર ભાર મૂકી રહેલા ગુજરાત સરકારના સર્વર ડાઉન રહેતા આજે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો.

કેન્દ્ર અને રાજ્ય સરકારે હવે તમામ વહિવટ અને સરકારી કચેરીનોનું કામ ડિજિટલી કરવા મોટપાયે કામગીરી શરૂ કરી છે. પરંતુ આ કામગીરી વચ્ચે સર્વર ડાઉન રહેતા ખુદ સરકારી તંત્ર મૂંઝવણ અનુભવે છે. સુરત જિલ્લા પંચાયત વિસ્તારના તાલુકાઓમાં આવેલી કચેરીઓમાં આજે આખો દિવસ સર્વરની રામાયણ જોવા મળી

...અનુસંધાન પાના 5 પર




રૂપિયા સારૂ થયા પછી


વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે

વિશેષ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો

સંજીવની આયુર્વેદિક

LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, કિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત

Mo : 79845 55202

## હાર્દિક શ્રદ્ધાંજલિ

જીવન નશ્વર છે, આત્મા અમર છે, કોણ ક્યારે વિદાય લેશે એ કહેવું મુશ્કેલ છે, જીવન અને મૃત્યુ એ કુદરતનો ક્રમ છે, છતાંય તમારી વિદાય ગમગીન છે. પરમપિતા પરમેશ્વર આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્વ.ધીરજભાઈ ડાહ્યાભાઈ પટેલ (U.S.A)
સ્વ.તાઃ ૨૪-૧૨-૨૦૨૩

લિ. ધનસુખ બાલુભાઈ પટેલ
પ્રેમીલા ડી. પટેલ | સ્ટીફન ડી. પટેલ
પૂર્વા એસ. પટેલ | ફાલ્ગુન ડી. પટેલ
કેના એફ. પટેલ
હીર, ઝીહાના, નિરજા, વ્યોમ
સ્થળ : રૂંઢ મગદલ્લા, સુરત. (સીટી)


અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦




## હાર્દિક શ્રદ્ધાંજલિ

આજ આપ દેહ સ્વરૂપે અમારી વચ્ચે નથી, છતાં આપનો પ્રેમ તથા જીવનભરના સત્કાર્યોની સુવાસથી સૌના પ્રેરણામૂર્તિ બનેલા આપ હંમેશા અમારા હૃદયમાં બિરાજશો. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. હરેન્દ્ર ચીમનલાલ ચોક્સી
સ્વ. તા. ૪.૧.૨૦૨૪

નિતીનચંદ્ર ચીમનલાલ ચોક્સી
રોનક ચોક્સી (9824100719)
કૃષ્ણકાંત રતનલાલ શાહ
મેહુલ શાહ (9727739956)
ક્ષીતિ જાગીરદાર, સ્મિતા મલિક, શકુન્તલા ભટવાલ



## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

તમો ભલે અમારી વચ્ચે હયાત નથી. છતાં આપનો પ્રેમ અને આશીર્વાદ વરસતો રહેશે સદા. આપના સ્નેહભર્યા સ્મરણો અને આપેલા સંસ્કારો સાચવીશું જીવનભર. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. ચંચળબેન કેશવભાઈ પટેલ
નિવૃત્ત શિક્ષિકા
સ્વ. તા. ૦૬-૦૧-૨૦૨૩

લિ.
શૈલેષભાઈ કેશવભાઈ પટેલ
અલ્પેશભાઈ કેશવભાઈ પટેલ



## શ્રદ્ધાંજલિ

સ્વ. કિરીટકુમાર કાંતિલાલ મંદિરવાલા
સ્વ.તા.૦૩/૦૧/૨૦૨૪

લાયન્સ ઉમરા-પીપળોદ એજ્યુકેશન સોસાયટીના સ્થાપક ટ્રસ્ટી **શ્રી કિરીટકુમાર કાંતિલાલ મંદિરવાલાનું** દુઃખદ અવસાન બુધવારે તા.૦૩/૦૧/૨૦૨૪ના રોજ થયું છે. સદ્ગત મિલનસાર, સેવાભાવી અને પરોપકારી સ્વભાવ ધરાવતા હતાં. કર્મશીલ, શિસ્તના આગ્રહી અને નિઃસ્વાર્થ સેવા પ્રવૃત્તિ ધરાવનાર શ્રી કિરીટકુમાર કાંતિલાલ મંદિરવાલાએ સંસ્થામાં અનેરું યોગદાન આપ્યું હતું. સમસ્ત ટ્રસ્ટીગણ આપને શ્રધ્ધાસુમન અર્પિત કરીએ છીએ.

લાયન્સ ઉમરા-પીપળોદ એજ્યુકેશન સોસાયટી, ટ્રસ્ટીગણ
શારદાયતન શાળા, પીપળોદ, સુરત.



## અનાવિલ અવસાન

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતા / દાદા શ્રી બળવંતરાય મકનજી મહેતા (મુળ ગામ પીપલધરા)નું તા. ૦૫/૦૧/૨૦૨૪ ને શુક્રવારે દુઃખદ અવસાન થયું છે.

સદ્ગતનું બેસણું તા. ૦૭/૦૧/૨૦૨૪ના, રવિવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.

સ્થળ: કલ્પના સોસાયટી હોલ, અડાજણ પાટીયા, સુરત. (લૌકિક રિવાજ બંધ છે)

સ્વ. બળવંતરાય મકનજી મહેતા
સ્વ.તા.૦૫/૦૧/૨૦૨૪

લિ.
ડો.દિપકકુમાર મહેતા (પુત્ર) | ડો. કૃતિ મહેતા (પુત્રવધુ)
કુંજનકુમાર મહેતા (પુત્ર) | રીના મહેતા (પુત્રવધુ)
નલિની યોગેનભાઈ દેસાઈ (પુત્રી) | યોગેનભાઈ નવનીતરાઈ દેસાઈ (જમાઈ)
અનિલા દિવાકરભાઈ દેસાઈ (પુત્રી) | દિવાકરભાઈ અમરતભાઈ દેસાઈ (જમાઈ)
શિવાંશુ દિપકકુમાર મહેતા (પૌત્ર) | મિતાલી શિવાંશુ મહેતા (પૌત્રવધુ)
શ્રેયા કુંજનકુમાર મહેતા (પૌત્રી) | ખેવના કુંજનકુમાર મહેતા (પૌત્રી)

નિવાસ સ્થાન : બી, ૯૩, કલ્પના સોસાયટી-૨, અડાજણ પાટીયા, સુરત. સંપર્ક નં. ૯૮૨૫૧ ૩૨૨૯૨



## પ્રજાપતિ અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા બહેન **સુશીલાબેન કુંવરજી મિસ્ત્રીનું** **તા.૦૫-૦૧-૨૦૨૪**ને **શુક્રવાર**નાં રોજ **દુઃખદ અવસાન** થયેલ છે. પ્રભુ સદ્ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતનું બેસણું તા.૧૧-૦૧-૨૦૨૪ને ગુરૂવારના રોજ બપોરે ૨ થી ૪ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે. તેમની શ્રાદ્ધક્રિયા તા.૧૭-૦૧-૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૯ કલાકે રાખેલ છે. (પોત-પડીકા તથા લૌકિક રિવાજ સદંતર બંધ છે.

સ્વ. સુશીલાબેન કુંવરજી મિસ્ત્રી
સ્વ.તા.૦૫-૦૧-૨૦૨૪

લિ.
દિનેશચંદ્ર કુંવરજી મિસ્ત્રી
જાગ્રત દિનેશચંદ્ર મિસ્ત્રી
નિલેશ દિનેશચંદ્ર મિસ્ત્રી

નિવાસ સ્થાન : મુ.પો.સરભોણ, તા.બારડોલી, જી.સુરત